

'ગોલ્ડન ગર્લ' આશા પારેખ Pg.2



સૌમ્યાને લોકોની કઇ વાત નથી ગમતી Pg.4



# હંસિકા છેલ્લી વાર ક્યારે હસી હતી?

## જીવનમાં વિવાદો બંધ થવાનું નામ નથી લેતાં

**આ**જકાલ ફિલ્મી દુનિયામાં એક મોટા સમાચારે બધાનું ધ્યાન ખેંચી લીધું છે. જાણીતી એક્ટ્રસ હંસિકા મોટવાનીના ડિવોર્સની વાત સામે આવી છે. તેના પતિ સોહેલ ખતુરિયા સાથેના તેના લગ્ન ડિવોર્સમાં પરિણમ્યાં છે. પણ આ વાત ફક્ત ડિવોર્સની નથી, તેની સાથોસાથ તેમના લગ્નની ઝાકમાળ પાછળના વિવાદોની પણ છે.

હંસિકા દક્ષિણ ભારતીય સિનેમાથી ઘણી જાણીતી છે. તેણે તમિલ, તેલુગુ અને હિન્દી ભાષાની અનેક હિટ ફિલ્મો કરી છે. 'દેશમુદુરુ', 'ઓરુ કલ ઓરુ પોન્નુ' જેવી ફિલ્મોમાં તેમનો અભિનય યાદગાર છે. તેની હસી અને સુંદરતાએ લાખો ફેન્સ બનાવ્યા છે. પરંતુ આ સાથે તેનું અંગત જીવન પણ ખૂબ ચર્ચામાં રહ્યું છે. હંસિકા સૌપ્રથમ ટીવી સિરિયલ 'શકાલાકા બુમ બુમ'માં ચાઈલ્ડ એક્ટરથી જાણીતી થઇ હતી. ત્યારબાદ બોલિવૂડમાં 'કોઈ મિલ ગયા' ફિલ્મમાં ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે જોવા મળી હતી. તેના થોડા જ વર્ષોમાં તેણે હિમેશ રેશમિયાની હિરોઈન તરીકે 'આપકા સૂરૂર'માં ડેબ્યુ કર્યું હતું. તે સમયે હંસિકાની ઉંમરને લઈને ઘણાં વિવાદો ઊભા થયા હતા, જેમાં તેની માતા ઉપર એડોલ્સન્સના ઈંજેક્શન આપવાનો આરોપ પણ લાગ્યો હતો કારણ કે 'કોઈ મિલ ગયા'માં તે ૮-૯ વર્ષની છોકરી લાગતી હતી અને ૫ વર્ષ પછીની ફિલ્મ 'આપકા સૂરૂર'માં તેનો દેખાવ ૧૮-૨૦ વર્ષની યુવતી જેવો હતો.

તેમ છતાં કેટલીક સફળ ફિલ્મો પછી હંસિકાએ કરિયરની ટોચ પર રહી લગ્ન કરવાનો નિર્ણય લીધો. હંસિકા અને સોહેલ ખતુરિયા ઘણા વર્ષોથી એકબીજાને ઓળખતા હતા. સોહેલ મુંબઈના મોટા બિઝનેસમેન છે. પહેલા તેમની વચ્ચે મિત્રતા હતી, પછી પ્રેમ થયો. આખરે ૨૦૨૨માં પેરિસમાં સોહેલે હંસિકાને પ્રપોઝ કર્યું! આ બધું રોમેન્ટિક અને સ્વપ્ન જેવું લાગતું હતું.

૪ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ જયપુરના ૪૫૦ વર્ષ જૂના મુંડોટા ફોર્ટ એન્ડ પેલેસમાં તેમના લગ્ન થયા. આ લગ્ન ખૂબ મોટા અને ભવ્ય હતા, જેમાં લગભગ બધાં જ ફિલ્મી સ્ટાર્સ અને કુટુંબીજનો હાજર હતા. તેમના ફોટા અને વીડિયો વાયરલ થયા હતા. જેને જોઈને લોકોએ કહ્યું કે આ જોડી સાચી 'પરફેક્ટ કપલ' છે! આ લગ્ન જેટલાં ભપકાદાર હતા એટલાં જ વિવાદાસ્પદ પણ હતા. લગ્નની ઈવેન્ટમાં હંસિકા ઘણી ડિમાડિંગ જણાતી હતી. જેના કારણે તે ઘણી ટ્રોલ થઇ હતી.

લગ્ન પહેલા એક મોટો વિવાદ થયો હતો. કેટલાક લોકો કહેતા કે સોહેલ હંસિકાની 'બેસ્ટ ફ્રેન્ડ' રિંકીના એક્સ હસબન્ડ છે. હંસિકા પર આરોપ આવ્યો કે તેણે મિત્રના પતિને ચોરી લીધો! હંસિકાએ તે વખતે કહ્યું હતું, "આ મારે માટે મોટી કિંમત છે..." પણ સોહેલે તેની પહેલી પત્ની રિંકી સાથે છૂટાછેડા લઇ હંસિકા સાથે લગ્ન કરી લીધા હતા.

> **લગ્ન પહેલા એક મોટો વિવાદ થયો હતો. કેટલાક લોકો કહેતા કે સોહેલ હંસિકાની 'બેસ્ટ ફ્રેન્ડ' રિકીના એક્સ હસબન્ડ છે. હંસિકા પર આરોપ આવ્યો કે તેણે મિત્રના પતિને ચોરી લીધો!**

ડિવોર્સની વાત કેવી રીતે આવી?

લગ્ન પછી માત્ર ૧.૫ વર્ષમાં જ વાતો બદલાઈ ગઈ. ૨૦૨૪ના જુલાઈ મહિનાથી બંને અલગ અલગ રહેવા લાગ્યા. તેમના સ્વભાવ, વિચારો અને જીવનની રીતમાં મોટો તફાવત આવી ગયો હતો. જાણે બંને એકબીજા માટે કોમ્પેટીબલ જ ન હોય! કોઈ મોટા ઝઘડા કે લડાઈ નહીં પરંતુ બંને એકબીજાથી અલગ થઇ ગયા, બધું શાંત અને સમજી-વિચારીને થયું. આમ માત્ર ત્રણ જ વર્ષમાં બંને એકબીજાથી અલગ થઇ ગયા.

ટોક ઓફ ધી ટાઉન

૧૧ માર્ચ ૨૦૨૬ના રોજ બાંદ્રા ફેમિલી કોર્ટે તેમનો ડિવોર્સ મંજૂર કરી દીધો. આ ડિવોર્સ 'મ્યુચ્યુઅલ કન્સેન્ટ'થી થયો છે - એટલે કે બંનેની સહમતીથી. હંસિકાએ કોઈ એલિમોની (જાળવણીના પૈસા) પણ ન માંગી! તેમના વકીલે પણ મીડિયાને કહ્યું કે બધું શાંતિથી પતી ગયું છે.

ડિવોર્સ પછી હંસિકાએ પોતાના સોશિયલ મીડિયા પર એક સુંદર પોસ્ટ કરી. તેમણે લખ્યું: "Chardi Kala always" (હંમેશા ચડતી કલા - એટલે હંમેશા ખુશ અને ઉપર જવાની ભાવના). આ પોસ્ટ જોઈને ફેન્સે તેને ખૂબ સપોર્ટ કર્યો. જોકે આ પછી હંસિકાની એક્સ સિસ્ટર-ઈન-લો નેન્સી જેમ્સએ પણ કેટલીક ક્રિપ્ટિક પોસ્ટ કરી જેમાં "આ વિશ્વ બધું ફેક છે", "પેઈડ PR" અને "સત્ય બહાર જરૂર આવશે" જેવા વાક્યો હતા. નેન્સી જેમ્સ હાલમાં તેના પતિ સાથે ડિવોર્સ લઇ રહી છે તેથી હંસિકાના મામલામાં પડવા નથી માંગતી. જોકે તેણે એવી પોસ્ટ કરી છે કે 'આ પરિવારે મને ઘણી હેરાન કરી છે. હવે મારે તેમની સાથે કોઈ પણ પ્રકારના સંબંધો નથી જોઈતા તેથી હું ડિવોર્સ લઇ રહી છું.

હું મારા પતિ, તેની બહેન અને તેની માતાની વિરુદ્ધમાં ઘરેલું હિંસાનો કેસ નોંધાવી ચૂકી છું. હું પોતે આમાંથી નીકળવાનો પ્રયાસ કરી રહી છું. મને હંસિકાના ડિવોર્સ સાથે કોઇ લેવાદેવા નથી. મને એનાથી દૂર રાખો.' જેને કારણે લોકોની ક્યોરયોસિટીમાં 'આગમાં ઘી હોમવા' જેવું હતું. જોકે, હંસિકા તરફથી કોઈ રિએક્શન જોવા મળ્યો નથી. પતિથી ડિવોર્સ થવા પાછળ હંસિકાએ તેની ફેમેલીમાંથી કોઈને બ્લેમ નથી કર્યું. પરંતુ તેની લીગલ બેટલ હજી ચાલુ જ છે.

ઘણાં માને છે કે હંસિકાએ પોતાની ફ્રેન્ડ રિંકીનું ઘર બરબાદ કરી નાંખ્યું તેથી તેના પણ ડિવોર્સ થઇ રહ્યાં છે. તેનો કર્મા જ તેને આડે આવ્યો છે. જોકે, તેમને રીંકી તરફથી પણ કોઈ રિસ્પોન્સ જોવા મળ્યો નથી. ●

# ક્રિતીકા અને ગૌરવના સાદા લગ્નમાં મહેમાનોનો મંચ



**બો**લિવૂડ અને ક્રિકેટજગતનો નાતો ઘણો જૂનો છે. હાલમાં ટીવીની જાણીતી એક્ટ્રસ ક્રિતીકા કામરા અને જાણીતા ક્રિકેટ હોસ્ટ તથા કોમેન્ટેટર ગૌરવ કપૂરના લગ્નથી વધુ એક નાતો જોડાઇ ગયો છે. આ બંનેએ ૧૧ માર્ચ ૨૦૨૬ના રોજ મુંબઈના બાંદ્રા વિસ્તારમાં પોતાના ઘરે જ સાદાઈથી લગ્ન કરી બધાના દિખ જીતી લીધા છે.

'કુછ તો લોગ કહેંગે', 'કિતની મોહબ્બત હૈ' જેવી લોકપ્રિય ટીવી સિરિયલ્સમાં જોવા મળેલી ક્રિતીકા કામરા ઘરેઘરે જાણીતી છે. તેની એક્ટિંગે ઓટીટી પ્લેટફોર્મ પર પણ તારીફ મેળવી છે. હવે ૩૭ વર્ષની ક્રિતીકા પોતાના કરિયરમાં મજબૂત પગલાં ભરી રહી છે. બીજી બાજુ ૪૪ વર્ષના ગૌરવ કપૂર તો ક્રિકેટ પ્રેમીઓના ફેવરિટ છે. 'બ્રેકફાસ્ટ વિથ ચેમ્પિયન્સ' જેવા શોમાં જોવા મળેલાં ગૌરવની ક્રિકેટ મેચમાં કોમેન્ટ્રી ઘણી વખણાઇ છે. બંને વચ્ચેનો સાત વર્ષનો વયફેર પણ તેમના પ્રેમમાં કોઈ અડચણ નથી બન્યો.

તો આ પ્રેમકહાની કેવી રીતે શરૂ થઈ? ગૌરવે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે તેમની પહેલી વાતચીત ફોન પર થઈ હતી અને તે એક કલાક સુધી ચાલી! "તે ખૂબ જ સરળ અને આરામદાયક હતી. મને તેની શાંતિની લાગણીએ આશ્ચર્યમાં મૂકી દીધું. હું તો તરત પ્રતિક્રિયા આપી દઉં છું, પણ તે જીવનને લાંબા સમયના દૃષ્ટિકોણથી જુએ છે. અમે એકબીજાને પૂર્ણ કરીએ છીએ," ગૌરવે કહ્યું. જોકે વાત બહાર પડી તે પહેલાં જ ફેન્સને તેમના લેટ નાઈટ ડિનર અને સાથે ફરતા જોવા મળતા અનુમાન તો લગાવી જ દીધા હતા. ડિસેમ્બર ૨૦૨૫માં ક્રિતિકાએ ઈન્સ્ટાગ્રામ પર "બ્રેકફાસ્ટ વિથ" કેપ્શન સાથે તેમની ફોટો પોસ્ટ કરીને રિલેશનશિપ ઓફિશિયલ કરી દીધી.



લગ્નની વાત કરીએ તો આ સાચી મીનિંગફુલ સેલિબ્રેશન હતી. બાંદ્રાના તેમના ઘરે જ રજિસ્ટ્રાર સાથે સિવિલ મેરેજ થઈ. કોઈ ભભકેદાર મંડપ કે ઢોલ-નગારા નહીં. ક્રિતિકાએ પોતાની મમ્મીની ગિફ્ટ કરેલી લાલ ચંદેરી સાડી પહેરી હતી. આ સાડી તુસ્સર સિલ્કની હતી અને તેને ઘર જેવી લાગણી આપતી હતી. ગૌરવે આઈવરી અને



વાયરલ

ગોલ્ડ કલરનું કસ્ટમ બંધગલા પહેર્યું હતું. પછી ઘરની બહાર આવીને પેપરાઝીને મીઠાઈ વહેંચી અને પોઝ આપ્યા. ક્રિતિકા અને ગૌરવે સાથે ફોટો પોસ્ટ કરીને કેપ્શન આપ્યું: "ગઈકાલે અમે ફોરએવર માટે હા કહી દીધું!"

જોકે તેમના લગ્નની રોનક વધારતાં મહેમાનોની યાદી પણ ખાસ હતી, જેમાં ક્રિકેટજગતના સ્ટાર્સ અને બોલિવૂડના સ્ટાર્સ જોવા મળ્યા હતા. ક્રિકેટના સ્ટાર્સ યુવરાજ સિંહ તેમની પત્ની હેઝલ કીચ અને બાળકો સાથે આવ્યા હતા. યુવરાજ અને ગૌરવની ખૂબ જ નિકટતા છે, તેથી તેઓ ખૂબ જ મજા કરતા જોવા મળ્યા. આ ઉપરાંત વિરેન્દ્ર સેહવાગે લગ્ન પછીના એન્ટ્રીમાં યુવરાજ સાથે ડાન્સ કર્યો! વાયરલ વીડિયોમાં બંને ક્રિસ બ્રાઉનના ગીત 'ફોરએવર' પર નાચતા જોવા મળ્યા, જેમાં ક્રિતિકા-ગૌરવ પણ જોડાયા હતા. આશીષ નેહરા અને ઝહીર ખાન તથા સાગરિકા ઘાટગે પણ હાજર રહ્યા. બોલિવૂડમાંથી ફરહાન અખ્તર અને શિબાની ડંડેકર, મલાઈકા અરોરા, નેહા ધુપિયા-અંગદ બેદી, અમૃતા અરોરા, સોહા અલી ખાન જેવા સ્ટાર્સે પણ આ લગ્નમાં તેમની હાજરી નોંધાવી ચાર ચાંદ લગાવી દીધા હતા. ●